# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-----------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# LOCAL BODIES ELECTIONS

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્ર ભરવામાં આવી રહ્યા છે. ત્યારે મહેસાણામાં આ ચૂંટણી માટે ઊંઝા અને વિજાપુર નગરપાલિકામાં બે–બે, કડી તાલુકા પંચાયતમાં બે અને વિજાપુર તથા સતલાસણા તાલુકા પંચાયતમાં એક-એક એમ મળી કુલ આઠ ઉમેદવારીપત્ર ભરાયા છે. તો,મહેસાણા મહાનગરપાલિકામાં 119 જેટલા ઉમેદવારીપત્રનું વિતરણ કરાયું છે.

અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, ભાજપ અને કૉંગ્રેસ પક્ષ દ્વારા સત્તાવાર ઉમેદવારો જાહેર કરાયા નથી.

# UMRETH BY ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક માટે આગામી 23 તારીખે યોજાનારી પેટા-ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. ભાજપે આ બેઠક પર હર્ષદ પરમાર અને કૉંગ્રેસે ભૃગુરાજસિંહ ચૌહાણને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારના અવસાનના કારણે આ બેઠક ખાલી પડતા પેટા-ચૂંટણી યોજાઈ રહી છે.

# RAJU KARAPADA JOIN BJP

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આગામી ચૂંટણી પહેલા રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. તમામ રાજકીય પક્ષો પણ મતદારોને પોતાની તરફ આકર્ષવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે આમ આદમી પાર્ટીના પૂર્વનેતા રાજુ કરપડા આજે ભાજપમાં જોડાયા. ગાંધીનગરમાં ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં તેમણે ભાજપમાં વિધિવત્ પ્રવેશ કર્યો. રાજુ કરપડા હવે સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતની ચૂંટણી લડી શકે છે .

બીજી તરફ, ભાજપની ચૂંટણી સમિતિની બેઠકનો આજે ત્રીજો દિવસ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત, નગરપાલિકા અને નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે ઉમેદવારોના નામ અંગે ચર્ચા થઈ રહી છે.

# BANASKANTHA BJP VIRODH

વાવ-થરાદ જિલ્લામાં ભાજપ દ્વારા કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના ગુજરાત અંગેની ટિપ્પણી સામે વિરોધ પ્રદર્શન કરાયું. મોટી સંખ્યામાં એકઠા થયેલા ભાજપના કાર્યકર્તાઓએ માફી માગે કૉંગ્રેસ દર્શાવતા બેનર્સ સાથે વિરોધ કર્યો હતો.

# AMIT SHAH NAVKAR MAHAMANTRA DIVAS

અમદાવાદમાં GMDC મેદાન ખાતે જીતો સંસ્થા દ્વારા વિશ્વ નવકાર મહામંત્ર દિવસની ઉજવણી નિમિત્તે સામૂહિક નવકાર જાપનું આયોજન કરાયું. આ ઉજવણીમાં દિલ્હીથી વર્ચ્યૂઅલ માધ્યમથી ઉપસ્થિત રહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, નવકાર મહામંત્ર આપણા ચૈતન્યને જાગૃત કરે છે અને શુભ સંકલ્પોને બળ આપી જીવનને ઉર્ધ્વગતિ પૂરી પાડે છે. શ્રી શાહે સામૂહિક નવકાર જાપમાં જોડાઈને વિશ્વશાંતિ માટે પણ આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું, જે રીતે દવાની જૈવિક પ્રક્રિયા જાણ્યા વગર પણ તે રોગ મટાડવામાં મદદરૂપ થાય છે. તે જ રીતે નવકાર મંત્રનું શ્રદ્ધાપૂર્વકનું રટણ વ્યક્તિગત અને વૈશ્વિક સ્તરે સકારાત્મક પરિવર્તન લાવે છે.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

# PIB FACT CHECK NALIA AIRBASE

સરકારે ભારતીય વાયુસેનાના કચ્છમાં નલિયા એરબેઝે ઈરાનના ચાબહાર બંદર પર થયેલા ઈઝરાયેલના હુમલામાં ઈઝરાયેલના જેટ વિમાનોને ઇંધણ ભરવા સહિતની સહાયતા અપાઈ હોવાના સમાચાર ખોટા ગણાવ્યા છે. પાકિસ્તાનની વેબસાઈટ્સ દ્વારા ફેલાવાતા આ ખોટા સમાચારને પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો - PIBના તથ્ય તપાસ એકમે ફગાવી દીધા છે. આ દાવાને ખોટો ગણાવતા એકમે જણાવ્યું, ઈરાદાપૂર્વક આ ભ્રામક માહિતી ફેલાવવામાં આવી રહી છે. તેનો ઉદ્દેશ ભ્રમ ફેલાવવો અને તણાવ વધારવાનો છે. એકમે નાગરિકોને ખોટા સમાચારથી દૂર રહેવા આગ્રહ કર્યો છે

# BHARUCH VIJ COMPANY RAID

ભરૂચમાં બંબુસર ગામમાં વીજચોરી પકડવા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ – DGVCLના અધિકારીઓ દ્વારા દરોડા પાડવામાં આવ્યા. દરમિયાન કેટલાક સ્થળે અનિયમિતતા સામે આવતા ગેરકાયદે વીજ જોડાણ કાપવામાં આવ્યા. તેમજ વીજચોરી કરતા લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ. વીજ કંપનીએ લોકોને કાયદેસર રીતે વીજળીનો ઉપયોગ કરવાની અપીલ કરી છે

# STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં આગામી 16 તારીખ સુધી વરસાદની કોઈ આગાહી નથી.

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 37.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ભાવનગરમાં નોંધાયું છે. જ્યારે ભુજ, કંડલા વિમાનમથક, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસ રહ્યાના અહેવાલ છે.